નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

મુ.આહવા તા.આહવા જિ.ડાંગ.

Azadi Ka Amrit Mahotsav

E-mail:-dcfdangsouth16@gmail.com

Telephone no:- (02631) 220246

ક્રમાંક:-અ/સર્વે/૧૩/ 177 /સને ૨૦૨૨-૨૩
આહવા તા. 6 /૦૫/૨૦૨૨

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
વલસાડ વન વર્તુળ,
વલસાડ

**વિષય:-** Diversion of 0.0570 ha Protected and Reserved Forest land of project of widening 7.00 meter to 10.00 meter of S.H.No. 172 Vyara –Bheshkatri–kalibel-pimpari road K.m 00/000 to 06/800 Taluka: Waghai, District:Dang, State: Gujarat.

**Online Proposal No.FP/FJ/ROAD/119742/2021**

**સંદર્ભ:**-આપશ્રીના પત્રાંક:બ/જમન/૧૪/૩૪૧ તા.૨૦-૦૪-૨૦૨૨

સાદર સહ ઉપરોક્ત વિષય અન્વયે નિવેદન કે, સંદર્ભના પત્રથી આપવામાં આવેલ ક્ષતિઓની પુર્તતા નીચે મુજબ સાદર કરવામાં આવે છે.

૧. પાર્ટ-૧ અને પાર્ટ-૨ નવેસરથી તૈયાર કરી નામ અને હોદ્દો સહિત પાંચ નકલમાં સામેલ રાખી સહી સાથે સાદર કરવામાં આવેલ છે..

૨. યુઝર એજન્સી તરફથી ઓનલાઇન કરેલ દરખાસ્તના વિષયમાં રીઝર્વ ફોરેસ્ટ અને પ્રોટેકટેડ ફોરેસ્ટનો ઉલ્લેખ કરેલ છે.ખરેખર સદર દરખાસ્તમાં માત્ર પ્રોટેકટેડ ફોરેસ્ટ વિસ્તારનો જ ઉપયોગ થનાર છે. જે મુજબ પાર્ટ-૨ તેમજ ચેકલીસ્ટ-૭ તૈયાર કરવામાં આવેલ છે.જે બરાબર છે.

3 અત્રેના દક્ષિણ ડાંગ વન વિભાગ હેઠળના મોજે:પીમ્પરી થી હનવતચોંડ સુધી રોડ વાઇડનીંગના કામે ૦.૦૫૭૦ હેક. પ્રોટેકટેડ ફોરેસ્ટ વિસ્તાર ઉપયોગમાં લેવા માટે કાર્યપાલક ઇજનેરશ્રી,(મા×મ)વિભાગ આહવા દ્વારા ભારતીય વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની દરખાસ્ત અત્રે મોકલવામાં આવેલ છે. ઉકત વિષયવાળી દરખાસ્ત યુઝર એજન્સી દ્વારા રાજય ધોરીમાર્ગ જાહેર થયેલ જેને હયાત ૭.૦૦ મીટર. માંથી ૧૦.૦૦ મીટર પહોળો કરવાની કામગીરી અર્થે કરવામાં આવેલ છે. અ.મુ.વ.સંરક્ષકશ્રી ગુ.રા. ગાંધીનગરના તા.૩૦/૦૧/૨૦૧૨ પત્રમાં જણાવ્યા મુજબ રા.ધો.માર્ગની પહોળાઇ ૯.૭૫ મીટરની પહોળાઇમાં માર્ગ અને અને મકાન વિભાગ દ્વારા સર્વિસ કામગીરી કરવી કે અન્ય કોઇ કામગીરી કરવા માટે વન વિભાગની પરવાનગી લેવાની રહેશે નહી તેમ જણાવેલ છે. જેથી યુઝર એજન્સી દ્વારા ડાબી અને જમણી બાજુ મળી કુલ ૦.૨૫ મીટર રોડ વાયડનીંગ માટેની દરખાસ્ત કરવામાં આવેલ છે.

૪ અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,જમીન,ગુજરાત રાજ્ય,ગાંધીનગરના પત્રાંક:જમન/૩૧/બ/૧૬૫૬ ૫૭ તા.૦૯-૦૬-૨૦૨૧ના પેરા ૧ માં " **દરખાસ્તમાં ઓનલાઇન પાર્ટ-૧માં અપલોડ કરેલ કે.,એમ.એલ. ફાઇલમાં માત્ર ફોરેસ્ટ એરીયા તેમજ હયાત રોડને બાદ કરી માંગણી મુજબનો જ એરીયા દર્શાવી અપલોડ કરવો""** જે મુજબ યુઝર એજન્સીએ આપેલ સુચના મુજબ ફોરેસ્ટ એરીયા પુરતી જ કે.એમ.એલ. અપલોડ કરેલ જે અંગે અત્રેના પત્ર ક્રમાંક:અ/સર્વે/૧૩/૭૭૯-૮૦ તા.૦૯-૦૮-૨૦૨૧થી આપશ્રીને અહેવાલ કરવામાં આવેલ છે.

૫. ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:વપસ-૧૦૧૨-૧૩૩-ડબલ્યુ તા.૩૧-૦૫-૨૦૧૨ અનુસાર "" **રાજ્યના કોઇ પણ અભયારણ્ય અને નેશનલ પાર્ક ફરતે જો ઈકો સેન્સેટીવ ઝોનની રચના થયેલ હોય તો તેમાં અને રચના ન થઇ હોય તો નેશનલ પાર્ક/અભ્યારણ્યની સરહદથી ૧૦.૦૦ કિ.મી.ના અંતરમાં કોઇ પ્રોજેક્ટ સાઇટ આવેલ હોય તો નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની પુર્વ મંજુરી મેળવવાની થાય છે""**

ભારત સરકારશ્રીના પર્યાવરણ અને વન મંત્રાલય નવી દિલ્હીના તા.૩૧-૦૫-૨૦૧૨ના ગેઝેટ્થી પુર્ણા અભ્યારણ્યની બાહય હદ્થી ૨.૦૦ કિ.મી.સુધી ફરતેનો વિસ્તાર ઈકો સેન્સેટીવ ઝોન તરીકે જાહેર થયેલ છે.સદર જાહેર થયેલ વિસ્તારમાં માંગણીવાળો વિસ્તાર આવતો નથી.

આમ ઉપરોક્ત બાબત ધ્યાને લેતા ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનનુ એન.ઓ.સી. મેળવવાની રહેતી નથી.સદર બાબતે અત્રેના પત્ર ક્રમાંક:અ/સર્વે/૧૩/૯૫૨ તા.૦૬-૦૯-૨૦૨૧ થી વિગતે અહેવાલ સાદર કરવામાં આવેલ છે.

જે આપશ્રીને વિદિત થાય.

O/C.

નાયબ વન સંરક્ષક
દક્ષિણ ડાંગ વન વિભાગ આહવા

E:\27-01-22 Survey Table Data\JITESH\USB Drive\FCA Darakhaast\0.0570(Road)\FD 0.057 Latter.docx